सत्यमेव जयते

**Received on : ૧૩-૧૧-૨૦૨૦**
**Registered on: ૧૩-૧૧-૨૦૨૦**
**Decided on :**
**Duration: Year Month Day**

## પોરબંદરના નામદાર સ્પે. જજ (એટ્રો.) અને એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં

**સ્પે. (એટ્રો ) કેસ નં. ૨૮/૨૦૨૦**

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિરુધ્ધ**

દેવાભાઈ સુકાભાઈ ઓડેદરા,
ઉ.વ. ૩૪,
રહે. રતનપર ગામ, વાછરાદાદાના મંદિરની બાજુમાં,
પોરબંદર. .....આરોપી.

**ગુન્હો : આઇ.પી.સી. કલમ-૩૨૩, ૫૦૪, તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨) (૫-એ) મુજબ.**

:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::
**ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી વી. જી. પરમાર.**
:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::

## : JUDGEMENT :

(૧) આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૫૦૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે અને આરોપી અનુસુચિત જાતિ કે જનજાતિના સભ્ય નથી. આરોપીએ તા. ૧૪–૧૦–૨૦૨૦ ના રોજ બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી જુની કોર્ટ કમ્પાઉન્ડ અંદર આવેલ સાર્વજનીક બાથરુમમાંથી પેશાબ કરી બહાર નિકળતા રસ્તામાં આરોપીએ ફરીયાદીને કહેલ કે, ' કા ડાડા મારી બીકે રીક્ષા મુકી જતો રહેલ છે' જેથી ફરીયાદીએ કહેલ કે તુ અત્યારે દારુ પીધેલ છે અહીથી જતો રહે જેથી આરોપીએ ફરીયાદીને ભુંડી ગાળો આપી જમણા ગાલે બે થપાટ મારી સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ કિર્તીમંદિર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૬૨૦૧૩૨૭/૨૦૨૦ થી ગુન્હો રજીસ્ટર કરી, આ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીને હાલના ગુનાની તપાસ સોંપતા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા મુદામાલ કબજે કરેલ તેમજ સાહેદોના નિવેદન નોંધી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા હકુમત ધરાવતી અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવતા તે રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરેલ જેને સ્પે. કેસ નં. ૨૮/૨૦૨૦ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા આરોપી વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮(૧)(બી) હેઠળ મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા આંક–૧૨ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૨) હેઠળ આરોપીને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક–૧૩ થી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ છે, જેથી આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## મૌખીક પુરાવાઓ :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો | આંક |
|---|---|---|---|
| ૧. | ભરતભાઇ પુંજાભાઇ ખરા | ફરીયાદી | ૧૬ |
| ૨. | પ્રવિણભાઇ ભરતભાઇ સાદિયા | સાહેદ | ૩૩ |
| ૩. | અરવિંદભાઇ બાબુભાઇ સાદીયા | સાહેદ | ૩૬ |
| ૪. | જેઠીબેન ભીમાભાઇ ઓડેદરા | સાહેદ | ૪૧ |
| ૫. | ડો. કૃષ્ણકુમાર ચંપકલાલ વ્યાસ | મેડીકલ ઓફીસર | ૪૩ |
| ૬. | વજશીભાઇ રામદેભાઇ ભુતિયા | પોલીસ સાહેદ | ૪૬ |
| ૭. | જીવીબેન હાજાભાઇ કડછા | પોલીસ સાહેદ | ૪૯ |
| ૮. | અશોકકુમાર રાયચંદદાસ પટેલ | ત.ક.અ. | ૫૫ |

## દસ્તાવેજી પુરાવાઓ :

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૭ |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૨૭ |
| ૩. | આરોપીનું અટક પંચનામુ | ૨૮ |

| | | |
|---|---|---|
| ૪. | શાળાનું જનરલ રજીસ્ટર | ૪૨ |
| ૫. | પોલીસ યાદી | ૪૪ |
| ૬. | ફરીયાદીનું સારવાર સર્ટી. | ૪૫ |
| ૭. | ગુન્હો રજીસ્ટર કરવાની યાદી | ૪૭ |
| ૮. | સ્પે. રીપોર્ટ | ૪૮ |
| ૯. | તપાસનો ડે. હુકમ | ૫૦ |
| ૧૦. | મેસેજ | ૫૧ |
| ૧૧. | સ્ટેશન ડાયરીની નકલ | ૫૨ |
| ૧૨. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૫૬ |

(૬) ફરીયાદપક્ષ તરફથી આંક–૫૯ ની પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રુબરુમાં લેવામાં આવેલ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે. તેમજ આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને બચાવનો કોઈ પુરાવો આપેલ નથી. અને આરોપીને તમારે વિશેષમાં કાંઇ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, '' અમોએ આવો કહેવાનો કોઇ ગુનો કરેલ જ નથી. અમોને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અમો તદ્દન નિર્દોષ છે. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા તથા આરોપી તરફે વિ.વ. શ્રી વી. જી. પરમારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે ? |
| | |
| ૨. | શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૧૪–૧૦–૨૦૨૦ ના રોજ બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી જુની કોર્ટ કમ્પાઉન્ડ અંદર આવેલ સાર્વજનીક બાથરુમમાંથી પેશાબ કરી બહાર નિકળતા રસ્તામાં આરોપીએ ફરીયાદીને કહેલ કે, ' કા ડાડા મારી બીકે રીક્ષા મુકી જતો રહેલ છે' જેથી ફરીયાદીએ કહેલ કે તુ અત્યારે દારુ પીધેલ છે અહીથી જતો રહે જેથી આરોપીએ ફરીયાદીને ભુંડી ગાળો આપી જમણા ગાલે બે થપાટ મારી સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ અને તેમ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| | |
| ૩. | શુ હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**: નિર્ણયના કારણો :**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ :–</u>**

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સની

જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઇપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૧ ફરીયાદી ભરતભાઇ પું જાભાઇ ખરાને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ આશરે ત્રણથી ચાર વર્ષ પહેલા પોરબંદર જુની કોર્ટ કંપાઉન્ડમાં બપોરના અરસામાં બનેલો. બનાવ સમયે મારી સાથે મારા મિત્રો પ્રવિણભાઇ ભરતભાઇ સાદીયા તથા અરવિંદ બાબુભાઇ સાદીયાનાઓ હતા. બનાવ સમયે દેવાભાઇ (આરોપી) દારૂ પીયને મારી પાસેથી નિકળી અમારી સાથે ગાળાગાળી કરતો હતો. જેથી હું પોલીસ ફરીયાદ કરવા માટે ગયેલો. આ બનાવ બનવાનુ કારણ એ છે કે અગાઉ હુ તથા આરોપી બંને રીક્ષા ચલાવતા હતા અને રીક્ષામાં પેસેંજર બેસાડવા બાબતેનું મનદુ:ખ હોય જેથી બનાવ બનેલો. બનાવમાં આરોપી દેવાએ મને ગાલ પર થપાટ મારતા હુ સારવાર અર્થે ભાવસિહંજી હોસ્પીટલે દાખલ થયેલો અને ડોકટર સાહેબને મે બનાવ અંગે જણાવેલ હતુ. તેમ જણાવે છે અને આંક–૧૭ થી અસલ ફરીયાદ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે જુની કોર્ટ કંપાઉન્ડમાં આખો દિવસ ઘણાબધા માણસોની અવરજવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે મારી ઉપર ૩૦૨ નો ગુનો દાખલ થયેલ હતો. એ વાત ખરી છે કે એટ્રોસીટીની ફરીયાદ દાખલ કર્યે તો સરકારમાંથી સહાય મળે છે અને મને આ સહાય મળી ગયેલ છે. એ વાત ખરી છે કે હું અને દેવાભાઇ સાથે રીક્ષા ચલાવતા હતા જેથી અમો મીત્રો હતા. એ વાત ખરી છે કે એક જ સ્ટેન્ડ પર રીક્ષા

પાર્ક કરતા હોય જેથી સાથે બેસી પરસ્પર મસ્તી મજાક કરતા હતા. એ વાત ખરી છે કે, મસ્તી મજાકમાં કયારેક એકબીજાને ગાળો પણ કાઢી લેતા અને એકબીજાને હાથચાલાકી પણ કરતા. એ વાત ખરી છે કે આ જે બનાવ બન્યો ત્યારે પણ અમે મજાક જ કરી રહયા હતા. એ વાત ખરી છે કે દેવાભાઇએ મને જ્ઞાતિ વિશે અપમાનિત કરેલ હોય તુતેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે દેવાભાઇએ મને ઇરાદાપૂર્વક માર મારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મે આવેશમાં આવીને ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે હકીકતમાં આરોપીએ મને કોઇ માર મારેલ હોય કે જ્ઞાતિ વિશે અપમાનિત કરેલ હોય તેવુ બનેલ નથી.

(૧૩) આ કામે ફરીયાદપક્ષના સાહેદ અરવિંદભાઇ બાબુભાઇ સાદિયાને આંક-૩૬ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ જણાવે છે કે, આજથી ચારેક વર્ષ પહેલા હું પોરબંદર રીક્ષા ચલાવતો હતો. હું ભરત પુંજાભાઇ ખરા (ફરીયાદી) ને ઓળખું છું. પ્રવિણ ભરતા સાદિયાને પણ ઓળખુ છુ તે મારા મિત્ર થાય છે. બનાવ આશરે ચારેક વર્ષ પહેલા જુની કોર્ટ કંપાઉન્ડમાં બપોરના ત્રણ ચાર વાગ્યાના અરસામાં બનેલો. બનાવ સમયે હું, મારી સાથે ભરત અને પ્રવિણ હતા ત્યારે દેવાભાઇ ત્યાં આવી ભરત સામે ગાળો બોલતા હતા અને જાપટ મારેલી ત્યારબાદ ભરત કિર્તીમંદિર પો.સ્ટે ફરીયાદ કરવા ગયેલો.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા. બનાવ બપોરે ત્રણ, સાડા ત્રણે બનેલો. બનાવ સમયે હુ રીક્ષા ચલાવતો હતો. જે તે સમયે મારી રીક્ષાનો રૂટ છાંયા થી કમલાબાગ તથા સુદામાચોક સુધી ચલાવતો હતો. અમારી રીક્ષા

રાખવાનુ સ્ટેન્ડ સુદામાચોકમા હતું. સુદામાચોકથી જુની કોર્ટ કંપાઉન્ડ ૩૦૦ મીટરની આજુબાજુ હશે. એ વાત ખરી છે કે અમે રીક્ષા રાખીને પેસ ્ન્જર લેવા માટે સામાન્ય રીતે સુદામાચોકમા રાખીને બેસીએ છીએ. એ વાત ખરી નથી કે જો રીક્ષા મુકીને બીજે જઇએ તો પેસેન્જર બીજા રીક્ષાવાળા લઇ જાય તેથી અમે રીક્ષા સાથે સુદામાચોકમા જ બેસીએ છીએ. ફરીયાદી ભરતભાઇ અમારી જ્ઞાતિના છે અને તેઓ પણ રીક્ષા ચલાવે છે અને મિત્ર થતા હોય આથી તેમને ઓળખુ છુ. એ વાત ખરી છે કે મારા મિત્ર ભરતભાઇ પર ઇ.પી.કો. કલમ– ૩૦૨ એટલ ે કે ખૂનનો કેસ ચાલે છે. એ હકીકતની મને જાણ નથી કે ભરતભાઇએ અગાઉ પણ એટ્રોસીટીની ફરીયાદો કરેલી છે. એ વાત ખરી નથી કે હકીકતમા આવો કોઇ બનાવ જ બનેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ સમયે હું ત્યાં હાજર જ ન હતો. એ વાત ખરી નથી કે ભરતભાઇ મારા મિત્ર થતા હોય તેમની ફરીયાદને સમર્થન આપવા હું ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી છે કે આરોપી રીક્ષા ચલાવતો હોય જેથી હુ તેને ઓળખુ છુ.

(૧૪) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ જેઠીબેન ભીમાભાઇ ઓડેદરાનેને આંક–૪૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, હું છેલ્લા ૩૧ વર્ષથી વડાળા ગામે આવેલ શ્રી એમ.એમ.મોઢવાડીયા હાઇસ્કુલમાં નોકરી કરૂ છુ અને હાલ ઇન્ચાર્જ પ્રિ ન્સી. તરીકે ફરજ બજાવુ છું અમારી શાળામાં ભરત પુંજાભાઇ ખરા નામનો વિદ્યાર્થી ધો.૮માં અભ્યાસ કરતો હતો તેમ જણાવે છે અને આં ક–૪૨ થી શાળાનું જનરલ રજીસ્ટરની નકલ રજુ કરેલ છે. બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, એ વાત ખરી છે કે, જે કાંઇ જુબાની આપુ છું તે રેકર્ડ આધારીત આપુ છું. એ વાત ખરી છે કે, ભરત પુંજાભાઇ ખરાનુ લીવીગ સર્ટી મારી હાજરીમાં કાઢી આપવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદીની જ્ઞાતિ

વિશેનો કોઈ આધાર પુરાવો અમારી સ્કુલમાં રજુ કરેલ છે કે કેમ તે મારી જાણમાં નથી. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છું.

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ કૃષ્ણકુમાર ચંપકલાલ વ્યાસને આંક–૪૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા. ૧૫/૧૦/૨૦૨૦ ના રોજ હું ભાવસિં હજી હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફિસર તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે આર.બી. ભુવા બ.નં. ૧૨૭, કીર્તિમંદિર પોલીસ સ્ટેશન વાળા દવારા મારી પાસે એક એ.આર. પટેલ નાયબ પોલીસ અધિ. એસ.સી.એસ.ટી. સેલની મેડીકલ ઓફિસર ભાવ.હોસ્પી. પોરબંદર તા. ૧૫/૧૦/૨૦ ના રોજ કરેલ અરજી લઈને ભરતભાઇ પુંજાભાઈ ખરા, ઉ.વ.૩૦, રહે. વડાળા ગામ વણકરવાસ તા. બગવદર જી. પોરબં દર હાલ ગોકુલ ધામ જામગનર વાળાને મારી પાસે સારવાર અર્થે તથા કોમ્પ્યુટરાઈઝ સર્ટી. કરવા બાબતે યાદી લઇ મોકલવામાં આવેલ. જે યાદીને તા.૧૫/૧૦/૨૦ ના રોજ ક. ૧/૦૦ વાગ્યે મે રીસીવ કર્યા બદલ મારી સહી છે. આ દર્દીને તપાસતા દર્દીએ એવુ જણાવેલ કે, દર્દીને તા. ૧૪/૧૦/૨૦ ના રોજ સાડા ત્રણ થી ચાર વાગ્યાની વચ્ચે જુની કોર્ટમાં જમણા ગાલ પર બે થપાટ મારેલ છે. દર્દીના જણાવ્યા મુજબ દર્દીને આ થપાટ દેવાભાઈ ઓડેદરા દવારા મારવામાં આવેલ. દર્દીને તપાસતા દર્દીને જમણા હાથ પર બી.પી.કે.(અંગ્રેજીમા) ત્રોફાવેલ હતુ તે તેની ઓળખ નિશાન છે. દર્દી સભાન અવસ્થામાં હતા અને આજુબાજુના વાતાવરણથી પરીચીત હતા. દર્દીએ જાતે હીસ્ટ્રી આપેલ હત. દર્દીનુ પલ્સ, બીપી, હદય અને ફેફસામાં કાઈ અસાધારણ જણાયેલ નહી. દર્દીને હાલ કઈ થતુ ન હતુ. હાલ કોઈ તકલીફ ન હતી. દર્દીને કોઈપણ પ્રકારની ઈજા જણાયેલ ન હતી. દર્દીને ઓ.પી.ડી. માં જ તપાસ કરેલ. ઉપરોકત દર્દીને તપાસીને સારવાર સર્ટી. પોલીસને આપેલ. સદર સાહેદે આંક–૪૪ થી પોલીસ યાદી તથા

આંક–૪૫ થી ઇન્જરી સર્ટી. રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, એ વાત ખરી નથી કે દર્દીએ મારી સમક્ષ કોઇ હીસ્ટ્રી લખાવેલ નથી પોલીસ યાદીના આધારે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છું.

(૧૬) આ કામમાં ફરીયાદપક્ષે આ ગુનાની ફરીયાદ લેનાર સાહેદ વજશીભાઇ રામદેભાઇ ભુતિયાને આંક–૪૬ થી તપાસેલ છે તેઓના જણાવ્યા મુજબ તેઓએ ફરીયાદીની પોતાના રુબરુની ફરીયાદ લીધેલાનું જણાવે છે. ફરીયાદપક્ષના સાહેદ જીવીબેન હાજાભાઇ કડછા તેઓના આંક–૪૯ ના પુરાવામાં તેઓ તરફ ફરીયાદ આવતા તેઓને ફરીયાદ આધારે ગુન્હો રજીસ્ટર કરેલાની હકીકત તેમના પુરાવામાં જણાવેલ છે. ફરીયાદપક્ષે ત.ક.અ. અશોકકુમાર રાયચંદદાસ પટેલને આંક–પપ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓએ હાલના ગુનાની તપાસ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ, અટક પંચનામાની વિગતે અરોપીને અટક કરેલ તેમજ આરોપી વિરૂદ્દા ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોય નામ. કોર્ટ સમક્ષ આરોપી વિરૂદ્ઘ ચાર્જશીટ રજુ કરેલ તેમ જણાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા

છે અને ત્યા માણસોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે પંચનામા મે મારી જાતે તૈયાર કરી પાછળથી પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન ફરીયાદ મુજબ મે મારી જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાનુ પંચનામુ પાછળથી પોલીસ સ્ટેશનમાં લખીને પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે ફરીયાદમાં આક્ષેપિત ગુનાને લગત કોઇ પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૭) આમ ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી બનાવની હકીકતોને સમર્થન આપે છે અને આરોપી દ્વારા તેને અપશબ્દો બોલી ગાલ પર થપાટ મારેલાની હકીકત સરતપાસમાં જણાવે છે. વધુમાં ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવ સમયે તેમના મીત્ર પ્રવિણ સાદીયા બનાવ સ્થળે તેઓ સાથે જ હતાં પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ ઝઘડો થયેલ હોવાનું અને ભરતભાઈ એટલ ` કે ફરીયાદીને માર મારવાની હકીતને સમર્થન આપે છે અને બનાવ સ્થળે હાજર હોવાનું જણાવે છે પરંતુ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ હાજર ન હતાં અને ફરીયાદીને માર મારેલ હોય તેની તેઓને ખબર નથી. વધુમાં આ કામે ફરીયાદીની ઉલટ તપાસની હકીકતોને ધ્યાને લેતા

ફરીયાદીના સ્વીકાર્યા મુજબ જે બનાવ બન્યો ત્યારે પણ તેઓ મજાક જ કરી રહયા હતાં. દેવાભાઇએ જ્ઞાતિ વિશે અપમાનીત કરેલ હોય કે માર મારેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ અરવિં દભાઇ સાદીયોનો પુરાવો વંચાણે લેતા તેઓ બનાવની હકીકતને સમર્થન આપે છે અને બનાવ સમયે તેઓ હાજર હતાં તેવી હકીકત જણાવે છે પરંતુ ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા આરોપી ધ્વારા તેઓને કોઇ માર મારવામાં આવેલ નથી કે જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત મહત્વના કહી શકાય તેવા ફરીયાદી અને બનાવ સ્થળે હાજર રહેલ સાહેદોનો પુરાવો વં ચાણે લેતા તેઓ સુધારા વધારા સાથેનો પુરાવો આપે છે તેમજ ફરીયાદી ધ્વારા જ સ્વીકૃત હકીકત કે આરોપીએ તેઓને કોઇ માર મારેલ નથી કે જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ નથી ત્યારે સદર પુરાવાને આધારે આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ મેડીકલ ઓફીસરનો પુરાવો વંચાણે લેતા ફરીયાદીને થયેલ ઇજા સાદી ઇજા હતી. જો કે હીસ્ટ્રીમાં હાલના આરોપીનું નામ આપેલ છે. પરંતુ ઉપરોકત ફરીયાદીની ઉલટ તપાસની સ્વીકૃત હકીકતોને વંચાતે લેતા મેડીકલ એવીડન્સને આધારે પણ હાલના આરોપી સામેના આક્ષેપો સ્પષ્ટ રીતે પુરવાર થતા નથી. આ કામે ત.ક.અ.શ્રીના પુરાવામાં સ્વીકાર્યા મુજબ બનાવવાળી જગ્યાની આજુબાજુમાં ઘણીબધી દુકાનો આવેલ છે. બનાવવાળો વિસ્તાર

એ જાહેર વિસ્તાર છે ત્યાં માણસોની અવર જવર રહે છે તેમ છતાં પણ આ કામે એવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી કે તેઓને હાલના કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. વધુમા આ કામે ફરીયાદી  નું અનુ. જાતિનું પ્રમાણપત્ર આ કામે રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા ફરીયાદી અનુ.જાતિના હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ આરોપીએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની કોઇ જ હકીકતો ઉપરોકત ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતા પુરવાર થતી નથી.

(૧૮) આમ આ કામના આરોપી  સામે ભારતીય દંડ સંહીતાની કલમ– *૩૨૩, ૫૦૪, તથા એટ્રોસીટી  એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ)* મુજબનું તહોમતનામુ ફરીયાદ પક્ષ સ્વતંત્ર, આધારભુત તથા વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૨ તથા  નો જવાબ નકારમાં ઠરાવુ છું.  આ કામના આરોપી  સામે ફરીયાદ પક્ષ ફરીયાદમાં જણાવેલ આક્ષેપો પુરવાર કરી શકતા ન હોય તેમ માની મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરુ છું.

**: આખરી હુકમ :**

૧. આ કામના આરોપી દેવાભાઇ સુકાભાઇ ઓડેદરાને ક્રિ મીનલ  પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ ભારતીય દંડ સં હીતાની કલમ– *૩૨૩, ૫૦૪ તથા એટ્રોસીટી  એકટની કલમ–૩(૧)*

*(આર) (એસ), ૩(૨)(૫–એ)* મુજબના સજાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ–૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રૂા.૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા. ૦૨–૦૪–૨૦૨૬.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (એટ્રો.)
પોરબંદર.
GJ00701